ગુરુમાઈ ચિદ્વિલાસાનંદની શિખામણો

# ઉદાર બનો

ભારતમાં સિદ્ધયોગ સંઘમ્ માટે સત્સંગ
બુધવાર, ૧ એપ્રિલ, ૨૦૨૦

ભગવાન નિત્યાનંદ મંદિર

શુભ રામનવમી. શુભ વસંત નવરાત્રિ. શુભ "Be in the Temple!" આ શીર્ષક છે આ સત્સંગનું. આત્મ-મંદિર.

આજકાલ બધાંનું ઘર મંદિર બની ગયું છે.

મેં સાંભળ્યું છે કે મુંબઈનું સિદ્ધિવિનાયક મંદિર બહારથી બંધ છે, પરંતુ ત્યાં પૂજા તો થાય જ છે જેનું ઇન્ટરનેટ પર જીવંત પ્રસારણ પણ થાય છે. તેનો વિડીઓ જોવામાં મને પણ ખૂબ-ખૂબ આનંદ મળે છે. *શ્રી ગણેશાય નમઃ ।*

હિન્દુસ્તાન છે મારું વતન. જે હિન્દુસ્તાની હોય છે ને, તેઓ જ્યાં પણ જાય, જે હિન્દુસ્તાની દિલ છે, તે તો હિન્દુસ્તાની દિલ જ છે. શરીર ક્યાંય પણ હોય, દિલ તો હિન્દુસ્તાનનું જ છે. હું વિચારું છું કે જ્યારે આપણે આ દુનિયાને છોડીને ઉપર જઈએ છીએ, આશા છે કે ઉપર જઈએ છીએ સ્વર્ગમાં — આશા તો રાખી શકીએ છીએ! — તો ત્યાં પણ આપણે કદાચ ભગવાનને કહેતા હોઈશું કે અમે હિન્દુસ્તાનના છીએ.

હિન્દુસ્તાનનો જે રંગ છે ને, તે એકદમ કડક છે. હિન્દુસ્તાનમાં લોકો કહે છે કે તેઓ કડક ચા પસંદ કરે છે તો હિન્દુસ્તાનનો રંગ પણ બહુ જ કડક છે. બની શકે કે જ્યારે આપણે ભગવાનને કહીએ, ‘‘અમે લોકો હિન્દુસ્તાનના છીએ. અમે હિન્દુસ્તાનથી આવ્યા છીએ,’’ તો તેમને પણ આનંદ થતો હશે, કારણકે હિન્દુસ્તાનમાં જ આપણે ભગવાનનાં અલગ-અલગ નામ ગાઈએ છીએ અને ભગવાનને અલગ-અલગ નામોથી પૂજીએ છીએ. આપણે એ પણ જાણીએ છીએ કે આપણે કોઈપણ રીતે પૂજા કરી શકીએ છીએ અને ભગવાન તેનાથી ખુશ થાય જ છે.

જેમ સંત કબીરે કહ્યું છે, ‘‘ખુશીથી રામનામનું રટણ કરો અથવા આળસથી રામનામનું રટણ કરો, કમ સે કમ રામનામનું રટણ તો કરો,’’ કારણકે ભગવાન તો સાંભળી જ લે છે. આપણે સતર્ક ન પણ હોઈએ, પરંતુ ભગવાન તો સતર્ક છે. આપણે ખુશ ન પણ હોઈએ, પરંતુ ભગવાન તો ખુશ છે. આપણે દુઃખી હોઈ શકીએ, પરંતુ ભગવાન તો સતત આનંદમાં જ રહે છે. તેથી, ‘‘પ્રેમ મુદિત મન સે કહો રામ રામ રામ,’’ પ્રેમ મુદિત મનથી કહો રામ, રામ, રામ કે દુઃખી હૃદયથી કહો રામ, રામ, રામ. રામનામ જપ સતત ચાલુ રાખો.

જે અંદરથી ઊઠે છે, આજકાલ તમને લોકોને તેની તરફ જોવાનો ઘણો સમય મળી રહ્યો છે, હે ને? જ્યારે મેં સાંભળ્યું કે ભારતમાં લૉકડાઉન થઈ ગયું છે તો મેં ઘણાં લોકોને પૂછ્યું, ‘‘જે લોકોને એકબીજાં સાથે બનતું નહોતું, તેમની શું હાલત છે?’’ કારણકે પહેલાં તો જો કોઈની સાથે ઝઘડો થયો, કોઈની સાથે વાત ન બની તો બહાર નીકળીને ક્યાંક જઈ શકતા હતા. ક્યારેક બાળકો પણ માતાપિતાથી રિસાઈ જાય છે તો આવું જ કરે છે ને? તેઓ કહે છે, ‘‘ઠીક છે, તો હું અહીંથી ક્યાંક જતો રહીશ. ઠીક છે, હું જતી રહીશ. મને તમારાં લોકોની જરૂર નથી.’’

તો બાળકો! આજકાલ શું થઈ રહ્યું છે? મમ્મી–પપ્પા સાથે ઝઘડો થાય છે, પણ બહાર જવા માટેના બધાં દરવાજા બંધ છે. તો તમારાં લોકોના શું હાલ છે? યાદ છે ને, ભારતમાં આપણે કહીએ છીએ, ‘‘ટેંશન ના લો.’’ તો ભલે તકલીફો ખૂબ હોય, મુશ્કેલીઓ ખૂબ હોય, આપત્તિઓ ખૂબ આવે, પરંતુ આપણે કહી શકીએ છીએ, ‘‘ટેંશન ના લો.’’ ટેંશન લેવાથી પ્રેમ કહે છે, ‘‘શું મારા માટે જગ્યા છે?’’ કારણકે આપણે જ્યારે આ શરીરને ટેંશનથી ભરી દઈએ છીએ તો પછી પ્રેમ, આનંદ, સુખ, શાંતિ, આ બધાં માટે જગ્યા જ ક્યાં છે? હે ને?

આમ તો તમારાં લોકો વિશે હું દરરોજ વિચારું છું. પણ આજે સવારે હું તમારાં બધાં વિશે કંઈક વધારે જ ધ્યાનથી વિચારી રહી હતી. મેં કહ્યું ને, શરીર ક્યાંય પણ હોય, પરંતુ દિલ છે હિન્દુસ્તાનમાં. હિન્દુસ્તાન છે મારું વતન.

તો આજે સવારે હું બડે બાબાજીને પ્રાર્થના કરી રહી હતી કે હું તમને બધાંને શું કહું? હું બહુ ધ્યાનથી વિચારી રહી હતી. દુઃખ–દર્દ તો એટલું થઈ રહ્યું છે બધાંને, ભારતમાં, આખી દુનિયામાં. આજકાલ એવી કોઈ જગ્યા જ નથી જ્યાં દુઃખ નથી. જે લોકો કાયદાનું પાલન કરે છે, તેઓ પણ દુઃખી છે; જેઓ કાયદાનું પાલન નથી કરતાં, તેઓ પણ દુઃખી છે.

મેં ભારતનો એક વિડીઓ જોયો, જેમાં કોઈ સાઈકલ પર જઈ રહ્યું હતું તો રસ્તામાં બે પોલીસવાળા તેને પકડીને મારવા લાગ્યા — જેમ અંગ્રેજીમાં કહેવાય છે ને, "My heart sank," મારું દિલ એકદમ ડૂબી ગયું, એટલે કે મારા દિલને આઘાત પહોંચ્યો. હું પાંચ મિનિટ માટે શાંતિથી બેઠી અને મેં એ માણસને મારા તરફથી પ્રેમ મોકલ્યો, કારણકે તેની ભૂલ જરૂર હોઈ શકે, પરંતુ કદાચ તેને લાગ્યું હશે કે રસ્તા પર કોઈ છે જ નહીં તો કઈ નહીં થાય. પણ તેને ખબર જ નહોતી કે ત્યાં પોલીસવાળા હતા. તેમણે એ માણસને બહુ માર્યો, બહુ માર્યો.

જે લોકો કાયદાનું પાલન કરે છે, તેમાંનાં કેટલાંકને ક્યારેક ઘર જેલ જેવું લાગતું હશે તો કદાચ તેઓ દુઃખી હશે. બીજી તરફ ઘણાં લોકોએ મને જણાવ્યું છે કે તેઓ ખુશ છે. તેઓ કંઈને કંઈ કામ કાઢી લે છે, કંઈને કંઈ કરતાં રહે છે તો તેઓ ખુશ છે, કારણકે તેમને લાગે છે કે કંઈક કરતાં રહેવું સારું છે. પછી, એવાં બહુ બધાં લોકો છે જેમની પાસે ઘર પણ નથી. તો તેમની શું હાલત થતી હશે?

એટલા માટે હું કહું છું કે આખી દુનિયા એકદમ દુઃખી છે. થોડા સમય પહેલાં ઑસ્ટ્રેલિયામાં અગ્નિ એકદમ તડપી રહ્યો હતો — હું કહું છું કે અગ્નિ તડપી રહ્યો હતો — કારણકે એવું નથી કે અગ્નિને આવું કરવું હતું, પણ જે થવાનું હતું તે થઈ ગયું. મેં સાંભળ્યું કે અબજો, હા અબજો જીવજંતુ મરી ગયાં. જ્યારે મેં આ સમાચાર વાંચ્યાં તો મને લાગ્યું, ‘‘આપણે તેમના આત્માને કેવી રીતે શાંતિ પહોંચાડીશું? કેવી રીતે એ લોકોએ પોતાનું જીવન ન્યોચ્છાવર કરી દીધું!’’

ત્યારે જીવજંતુઓની એ સ્થિતિ હતી, અત્યારે મનુષ્યોની આ સ્થિતિ થઈ ગઈ છે. તો આપણે બધાં એકસાથે આમાં છીએ. ન કોઈ રાજા છે, ન કોઈ રંક છે. ન કોઈ બુદ્ધિમાન છે, ન કોઈ બેવકૂફ છે. જે પણ હોય, બધાં એક જ સ્થિતિમાં છે.

આજે સવારે જ્યારે મેં બડે બાબાજીને પૂછ્યું, ‘‘હું શું બોલું?’’ તો તેમણે મને આ કવિતા આપી :

> આજકાલ લોકો કામમાં તો વ્યસ્ત નથી,
> આજકાલ લોકો કામમાં તો વ્યસ્ત નથી,
> પણ મનમાં ને મનમાં ખૂબ ત્રસ્ત છે.
> પણ મનમાં ને મનમાં ખૂબ ત્રસ્ત છે.
>
> આમ તો લોકો સુસ્ત નથી,
> પણ ધ્યાનમાં ખૂબ મસ્ત છે.
> પણ ધ્યાનમાં ખૂબ મસ્ત છે.

સાંભળો ને! આખો દિવસ કામ કર્યા પછી સૂરજ અસ્ત થઈ શકે છે,
આખો દિવસ કામ કર્યા પછી સૂરજ અસ્ત થઈ શકે છે,
પણ સુખ હોય કે દુઃખ,
આત્માની જ્યોતિ સર્વદા ઉદિત છે.

યાદ રાખો, ''આત્મા કી પ્રશાંતિ'', આત્માની પ્રશાંતિ.
પ્રેમ હોય કે ક્રોધ, યાદ રાખો, ''આત્મા કી પ્રશાંતિ.''

ખબર છે, આજે ૧ એપ્રિલ છે? આખી દુનિયા આજે April Fool's Day મનાવે છે. આજે સવારે મેં વિચાર્યું, ''ઓહો! આજે તો April Fool's Day છે, કદાચ લોકો સમજશે કે આ કોઈ મજાક છે, વાસ્તવમાં ગુરુમાઈજીની સાથે સત્સંગ નહીં હોય.'' હું આશા રાખું છું કે તમે લોકોએ આવું નહીં વિચાર્યું હોય. મેં જે વિચાર્યું તેને નિખાલસતાથી તમારી સામે વ્યક્ત કરી દીધું. તમે જાણો જ છો. તમારાં લોકો પાસે તો બસ ઇઝહાર-એ-મોહબ્બત એટલે કે વ્યક્ત કરવા માટે માત્ર પ્રેમ જ છે, હે ને? હા, એ સાચું છે.

આજે April Fool's Day છે, તો fool એટલે મૂર્ખ. ભારતમાં તો બસ, જે પણ વસ્તુ હોય, જે પણ શબ્દ હોય, જે કંઈ પણ હોય, તેના માટે બહુ બધું કહેવામાં આવ્યું છે.

શાસ્ત્રોમાં મૂર્ખો વિશે પણ બહુ બધું કહેવામાં આવ્યું છે. જે ભગવાનનું નામ નથી જપતો, તે પણ મૂર્ખ છે; જે વડીલોની વાત નથી સાંભળતો, તે પણ મૂર્ખ છે; આત્માની જ્યોતિ હોવા છતાં પણ જે તેનાં દર્શન નથી કરતો, તે પણ મૂર્ખ છે. જ્યારે તમે લોકો વાંચતાં હશો તો મનમાં દુઃખ પણ થતું હશે, પણ શું કરીએ?

તો હું વિચારી રહી હતી કે આ જે શબ્દ છે, 'મૂર્ખ', તેના માટે બીજો એક શબ્દ છે, 'મૂઢ'. અંગ્રેજીમાં પણ એક શબ્દ છે — મૂડ. આ એ નથી. ભારતમાં આપણે કહીએ છીએ ને, ''મૂડ ઠીક છે ને?'' ''મારો મૂડ જતો રહ્યો.'' ''અત્યારે મારો મૂડ નથી.'' નહીં, નહીં, એ મૂડ નહીં, હું 'મૂઢ' શબ્દની વાત કરી રહી છું, એટલે કે મૂર્ખ. જે તમે જાણો જ છો. જેવો આ શબ્દ મારા મનમાં આવ્યો તો શંકરાચાર્ય રચિત સ્તોત્ર, 'ભજગોવિન્દં'' એકદમ જ મારા મનમાં ગણગણવા લાગ્યું.

સમ્પ્રાપ્તે સન્નિહિતે કાલે નહિ નહિ રક્ષતિ ડુકૃઞ્કરણે ।
ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મૂઢમતે ॥

આદિ શંકરાચાર્યજી કહે છે, ‘‘હે મોહથી ગ્રસ્ત જડ બુદ્ધિવાળા, ગોવિંદને ભજો, ગોવિંદનું નામ લો, કારણકે મૃત્યુના સમયે કોઈપણ પ્રકારના પુસ્તકીય જ્ઞાનને રટવા માત્રથી તમારી રક્ષા નહીં થઈ શકે.’’

આગળ શંકરાચાર્યજી કહે છે,
‘‘સત્સંગથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. વૈરાગ્યથી વિવેકની પ્રાપ્તિ થાય છે. વિવેકથી સ્થિર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે અને સ્થિર તત્ત્વજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, આત્મજ્ઞાન મળે છે.’’

*આત્મા કી પ્રશાંતિ.*

તો ભારતમાં તમને લોકોને ખબર છે કે April Fool's Day પણ શુભ થઈ ગયો, કારણકે તમે ‘ભજ ગોવિન્દં’ ગાઈ શકો છો.

ભારતમાં *જુગાડ જ જુગાડ* એટલે કે એક પ્રકારની કોઠાસૂઝ છે. આપણે કોઈપણ વાતને શુભ કરી શકીએ છીએ. તો આ જે ચાલી રહ્યું છે આજકાલ, તેને પણ આપણે શુભ કરી શકીએ છીએ અને શુભ જ ફેલાવી શકીએ છીએ.

‘ચિત્શક્તિ વિલાસ’માં બાબા મુક્તાનંદજીએ લખ્યું છે :

શ્રીગુરુદેવને પ્રાર્થના છે કે સ્વર્ગમય બધાંનો સંસાર બને,
‘હું-મારું’ની અલ્પ ભાવના જતી રહે, હૃદયમાં ચિતિના જ્ઞાનનો ઉદય થાય.
બધા જીવાત્મા સમતા અને પ્રેમથી નિત્ય આપની પૂજા કરે,
અમારા પ્રાણ-અપાનની ગતિ હરઘડી ‘સોऽહમ્’ મંત્ર જપ્યા કરે.

મારા પર એવી કૃપા કરો કે સર્વાત્મભાવથી હું આપની પૂજા કરું,
જાતિ, પંથ અને ભાષાના ભેદને ત્યાગીને, મનમાં નિર્મળતા ધારણ કરું.
હે ગુરુનાથ! નાનાંમોટાં, દીનદુઃખી, સજ્જનમૂઢમાં આપનાં દર્શન થાય,
મને સરળ ચિત્ત, વિનયી અંતર, ઉદાર હૃદય આપો, હું સદ્વિદ્યાનો દાતા બનું.

હે ગુરુવર! મને આ વરદાન આપો કે હું સદા મારા હૃદયમંદિરમાં આપનું ધ્યાન કરું,
હે સર્વાત્મા! સર્વત્ર વ્યાપ્ત જે જ્યોતિ છે એમાં મારો સ્નેહ રહે.
હે ગુરુ! આપમાં મારી ભક્તિ બની રહે અને જ્ઞાન, યોગ તથા ધ્યાનમાં દૃઢ બુદ્ધિ થાય,
હું સદા સિદ્ધવિદ્યાનો પૂજારી રહું, મારા ચિત્તનો ચિત્શક્તિમાં પ્રવેશ થાય.

શ્રીરામ, કૃષ્ણ, શિવ, શક્તિના સદા આપમાં દર્શન કરું,
જ્યાં આપનો સિદ્ધયોગ વિલસી રહ્યો છે, એ ગણેશપુરીમાં હું વાસ કરું.
દેશ, ભાષા, પંથ, જાતિભેદથી છોડાવીને મને સમતાની દષ્ટિ આપો,
મારું હૃદય નિત્યાનંદના સ્ફુરણથી ભરી દો, મારી બુદ્ધિ નિત્યાનંદમય બને.

સરળતા, સત્ય, વીરતા, શૌર્ય, નીતિ અને તેજ બધાને પ્રાપ્ત થાય,
બધાને માટે જગત કલ્પવૃક્ષ અને કામધેનુથી પૂર્ણ આનંદની વાટિકા બને.
સિદ્ધવિદ્યાર્થીઓ જિતેન્દ્રિય બને અને ક્રિયાયોગમાં તેઓને આનંદ આવે,
હે ગુરુનાથ! હું માનવહૃદયમાં આપનાં નિત્ય દર્શન પામીને આત્મતૃપ્તિનો અનુભવ કરું.

જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે મને સ્વકર્મ નિષ્ઠા આપો અને હું આપનું અખંડ સ્મરણ કરું.
હે ગુરુનાથ! મારું જીવન સ્વકષ્ટમય બને, હું હંમેશાં આપનું જ ધ્યાન કરું.
હે ગુરુદેવ! આટલું તો અવશ્ય આપો કે હું સદા આપમાં સમાયેલો રહું,
પૂર્વ-પશ્ચિમથી ઉત્તર-દક્ષિણ સુધી, હું નિત્ય સર્વત્ર આપનાં દર્શન કરું.

આપ જ અજ્ઞેય નિર્ગુણ બ્રહ્મ, પરશિવ, સચ્ચિદાનંદરૂપ છો,
આપમાં જગત, જગતમાં આપ એવા અભેદ, સર્વોત્તમ અજોડ છો.
મુક્તાનંદ કહે છે : હે ગુરુનાથ! સિદ્ધવિદ્યાને પૂર્ણ ફળવા દો,
અમારું ધ્યાન ક્રિયાશીલ રહે, અમે નીલબિંદુમાં જ વિશ્રાંતિ પામીએ.

હું જગતમાં સદા સુખપૂર્ણ રૂપે વિચરણ કરું, મારા હૃદયમાં સદા આપનો નિવાસ રહે,
મુક્તાનંદ કહે છે : હે ગુરુનાથ! અમારું જીવન સંવિદ્ વિલાસ રહે.

જ્યારે બાબાજીએ આ પ્રાર્થના લખી હતી, એ સમયે આ દુનિયા અલગ હતી. તોપણ, જ્યારે આપણે આ પ્રાર્થના વાંચીએ છીએ તો લાગે છે કે બાબાજીએ આજના માટે જ તેને લખી છે. સત્ય અજર-અમર હોય છે. જે વાત શાસ્ત્રોમાં વર્ષો પહેલાં લખવામાં આવી હતી, જ્યારે આપણે તેને વાંચીએ છીએ તો લાગે છે કે એ ઋષિમુનિઓને ખબર હતી કે ભવિષ્યમાં, એટલે કે આજે આપણે કેવી રીતે જીવી રહ્યાં હોઈશું! તેઓ બહુ દૂરદર્શી હતા. જુઓ આ સમયે આપણા પર શું વીતી રહ્યું છે! સત્ય અજર-અમર હોય છે.

બાબાજીએ કેટલું સુંદર લખ્યું છે, હે ને! ‘‘હું જગતમાં સદા સુખપૂર્ણ રૂપે વિચરણ કરું.’’ આજકાલ તો આપણે બહાર જગતમાં સુખપૂર્ણ વિચરણ નથી કરી શકતાં. પણ સિદ્ધયોગ પથ પર આપણે અંતર-જગતનો વિકાસ કર્યો છે તેથી આપણે આ અંતર-જગતમાં વિચરણ કરી શકીએ છીએ.

આવા કષ્ટના સમયે આપણે હજીપણ વધારે પ્રયાસ કરવો પડશે કે આપણું અંતર-જગત એક સુરક્ષિત આશ્રયસ્થળ બની રહે. જે સુખી છે, તે સુખને વહેંચે. જે દુઃખી છે, તે પોતાનું દુઃખ એ પ્રિયજનો, એ સગાસંબંધીઓ, એ નજીકના મિત્રોને જણાવે જેમનામાં સાચી સહાનુભૂતિથી સાંભળવાની તાકાત છે.

જેમની પાસે આપવા માટે કંઈક છે, તેઓ તેમને આપી શકે છે જેમની પાસે કંઈ નથી. અને જેમની પાસે કંઈ નથી, તેઓ એ સંકલ્પ સાથે લઈ શકે છે કે જ્યારે તેમની પાસે કંઈક હશે તો તેઓ બીજાંની મદદ કરશે. જ્યારે આપણે કહીએ છીએ, ‘‘જનતાની સેવા જનાર્દનની સેવા છે,’’ તો તેનો અર્થ એ નથી કે એક જ વ્યક્તિ કે એક જ સમૂહ બધાં માટે બધું જ કરે. જેની પાસે છે, તે બીજાંને આપે. જેની પાસે નથી, તે ઉદારહૃદય અને પરોપકારની ભાવના રાખનારાં લોકોને ઓળખીને, સંકોચ વિના તેમને પોતાની જરૂરિયાતો જણાવે. અને પછી જ્યારે તેમની પાસે હોય તો તે બીજાંને વહેંચી દે. આ રીતે, દરેકના હૃદયને ઉદારતાનો અનુભવ કરવાનો લાભ મળે છે અને ઉદારતાનો આ અનુભવ હૃદયના સ્વાસ્થ્ય માટે સારો હોય છે.

દરવર્ષે જૂન મહિનામાં સિદ્ધયોગ પથની વેબસાઇટ પર તમને ‘સદ્‌ગુણ વૈભવ’ વાંચવા મળે છે. મેં સાંભળ્યું છે કે તમે લોકોએ એ સદ્‌ગુણોને લખી લીધાં છે અને ઘણાં લોકોએ તેને કંઠસ્થ પણ કરી લીધાં છે. તો તમારી અંદર પણ સદ્‌ગુણ વૈભવ છે અને તમારી જર્નલમાં, તમારી નોટબુકમાં પણ છે. આ લૉકડાઉનમાં તમે રોજ એક-એક સદ્‌ગુણ વાંચી શકો છો, આત્મસાત્ કરી શકો છો અને લોકોને જણાવી પણ શકો છો.

આ મારી આશા છે.

આ મારું નિવેદન છે.

તમે લોકો આ વાતને માનશો જરૂર, હે ને?

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.